R.N.I. No. : 66450/97 GAMC NO. : Guj/189 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday

Ahmedabad Jurisdiction

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

http://jagadishchristian.com

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રી: મિનાક્ષી ધોળકીયા

email:garvinavkranti @ yahoo.com

ESTD. YEAR - 18 •ISSUE: 16 DATE: 19-04-2014 •SATURDAY• PAGES: 4•PRICE Rs.1 •YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?
હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર
પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## ઇસ્ટન ચાઇનામાં એક ચર્ચને તોડી પાડવાના સરકારી નિર્ણયને ખ્રિસ્તી સમાજે પડકાર્યો

ચાઈનીઝ ખ્રિસ્તીઓએ માનવ સાંકળ ઉભી કરી જેથી ચાઈનીઝ સત્તાવાળાઓ દ્વારા ખ્રિસ્તી ધર્મના વ્યાપને રોકવા ચર્ચને તોડી પાડવાનો નિર્ણય કર્યો હતો તેને પડકારી શકાય,તેવું ચેરીસ્મા જન્યુઝ રીપોર્ટ દ્વારા જાણવા મળ્યું હતું.ચીનમાં ખ્રિસ્તી ધર્મનો વ્યાપ ખુબજ ઝડપથી પ્રસરવા લાગ્યો છે.સ્થાનિક ચીની સત્તાવાળાઓ કે જેઓ ઝીજીયાંગ પ્રાંતમાં છે તેમને ખ્રિસ્તી ધર્મનો ઝડપથી થઈ રહેલ ફેલાવાને રોકવા માટે તેમજ સ્થાનિક કાયદાઓના ઉલ્લંઘન માટે ચર્ચને તોડી પાડવાનો નિર્ણય કર્યો હતો.ટેલીગ્રાફના જણાવ્યા પ્રમાણે હજારો ખ્રિસ્તીઓ ચર્ચની અંદર એકઠા મળ્યા,અને ચર્ચને તોડી પાડવા આવેલ ટીમને આખી રાત્રી દરમિયાન ધેરી રાખી.



હું આખી રાત્રી દરમિયાન અહીયા સુતો હતો,અને મારી રાત્રિ સરળ રહી હતી.અમો શાંતિ અને કોઈપણ જાતનો ડર નહી અનુભવી રહ્યા છીએ.કારણકે અમો ઈશ્વરની નજીક છીએ. હોન્ગઇન, ૮૧ વર્ષના એક ખ્રિસ્તી ચર્ચ સભ્યે આ બાબત ટેલીગ્રાફને જણાવી હતી.

વોશિગ્ટન પોસ્ટના જણાવ્યા પ્રમાણે,સત્તાવાળાઓ ચર્ચ ઉપર લગાવાતા ક્રોસના ચિહ્ન બાબતે આક્રોસ બતાવી રહ્યા છે. તેમનું કહેવું છે કે ક્રોસ ચર્ચની જાહેરાત કરે છે.અત્યારસુધીમાં છ ક્રોસ ઉતારી લેવામાં આવ્યા છે.અને ચર્ચોને કહેવામાં આવ્યું છે કે નાના ક્રોસ માત્ર ચર્ચની અંદર જ રાખવા.સંજીયંગ ચર્ચ ખાતે,સત્તાવાળાઓ સાથે વાતચીત દરમિયાન એ જાણવા મળ્યું કે તેઓ ચર્ચનું બિલ્ડીંગ ગેરકાયદેસર છે તે બાબતે નહી પણ ચર્ચ ઉપર લગાડાયેલ ક્રોસ બાબતે વાંધો કાઢતા હતા.એક અનઅધિકૃત સરકારી વ્યક્તિએ જણાવ્યું હતું કે અમો શાંતિ પુર્વક પ્રશ્ને પતાવી દેવા માંગીએ છીએ.અને બીલ્ડીંગ સ્ટ્રકચરને તોડી પાડવા માંગતા નથી.

**અમારા તમામ ગ્રાહકો અને વાચકોને ઈસ્ટરની પ્રેમી સલામ**

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## સીરીયાના હોમ સીટીમાં ડચ ખ્રિસ્ટને કટ્ટરવાદીઓ દ્વારા ગોળી મારવામાં આવી

સીરીયાના હોમ સીટીમાં રહેતા એક ડચ પાદરી જેઓ ૧૯૬૬ની સાલથી અહીયા રહેતા હતા તેમને કટ્ટરવાદીઓ દ્વારા ગોળી મારી હત્યા કરવામાં આવી હતી તેવા બીબીસીએ રીપોર્ટ આપ્યા હતા.બીબીસીના રીપોર્ટ પ્રમાણે ફ્રાંન્સ વેન લુગ્ટે આ શહેર છોડી જવાની ના પાડી હતી.કારણકે અહીયા હજુ ઘણા બધા ખ્રિસ્તી કુટુંબો આ સ્થિતિમાં રહે છે.તેમની હત્યાની જાણકારી એએફપી ન્યુઝ એજન્સી ના જેન સ્ટુઅર્ટે આપી હતી. જેઓ સેક્રટરી,ડચ જેસ્યુએટઓર્ડર છે.તેમના કહેવા પ્રમાણે એક વ્યક્તિ વેન ડીર લેગ્ટના મકાનમાં ઘુસી આવ્યો હતો અને તેમને પકડીને મકાનની બહાર લઈ આવ્યો હતો અને ત્યાં તેમના માથામાં બે ગોળી મારવામાં આવી હતી.

આ ડચ પાદરી ૧૯૬૬ના વર્ષમાં સીરીયામાં આવ્યા હતા અને આ જ સ્થળને તેમણે પોતાનું વતન બનાવ્યું હતું.તેમણે ફેબ્રઆરીમાં એએફપીને આપેલ એક મુલાકાતમાં જણાવ્યું હતું



કે સીરીયાના લોકોએ મને ઘણુ બધું આપ્યું છે.તેઓ ખુબજ મારાપ્રત્યે માયાળુ રહ્યા છે.તેમની પાસે જે કંઈ પ્રેરણાદાયી હોય તે તમામ બાબતો તેમણે મને આપી છે.જ્યારે સીરીયાનો લોકો ખુબજ કટોકટી ભર્યા સમયમાંથી અને મુશ્કેલીઓમાંથી પસાર થઈ રહ્યા હોય,તો હું તેમનું દુઃખ તેમની સાથે રહીને વહંચવા માંગુ છું. તેઓ જેસ્યુએટ મોનાસ્ટરીમાં રહેતા હતા. જ્યાં તેમની સાથે બીજા ૨૪ ખ્રિસ્તીઓ પણ વસવાટ કરતા હતા.

આ લોકો હોમ્સમાં ગંભીર પરિસ્થિતિ હોવા છતાં રહેતા હતા.આ પહેલા ૧૪૦૦ લોકોને યુનાઈટેડ નેશન્સ દ્વારા આ શહેરની બહાર સલામત જગ્યાએ ખસેડવામાં આવ્યા હતા.વેટીકન પ્રવક્તા ફેડરીકો લોમ્બારડીએ મી.વેન ડીર લુગ્ટને શ્રધ્ધાંજલિ આપતા જણાવ્યું હતું કે મી.વેન ડીર લુગ્ટ એ શાંતિના પ્રતિક સમા હતા.તેઓ જ્યાં સુધી સીરીયાની ધરતી પર જીવ્યા ત્યાં સુધી ગમેત તેવી આફતો,મુશ્કેલીઓમાં તેઓ આ ધરતી પ્રત્યે હંમેશા વફાદાર રહ્યા

## ભુતાનમાં બે પાસ્ટરોને કોઇપણ ગુના વગર જેલમાં ધકેલાઇ દેવાયા

દક્ષિણ ભુતાનના વિસ્તારમાં બે ખ્રિસ્તી પાસ્ટરોને કોઈ પણ જાતના ગુના વગર એક માસ જેલમાં પુરી રાખવામાં આવ્યા હતા.પોલીસે એમ.બી.થાપા(અકા લોબઝંગ) અને તાનડીન વેનગલ,ખાપદાની વિલેજ,સમસ્તી ડીસ્ટ્રીકમાં માર્ચ ૫ ના રોજ પકડ્યા હતા.મીનીસ્ટર ઓફ હોમ એન્ડ કલચરલ એફેર્સ, ડેમચો દોરજીએ તાજેતરમાં એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે આ બે પાસ્ટરો જાહેરમાં પબ્લીક મીટીંગની રજામંદી સિવાય ધર્મપ્રચાર કરી રહ્યા હતા.પરંતુ આ વિસ્તારના પોલીસ ઓફીસરે હોમ મીનીસ્ટરના આક્ષેપો ખોટા હોવા જણાવ્યું હતું.

વેગંડીએ બીઝનેસ ભુતાનને જણાવ્યું હતું કે પોલીસો ઉલટ તપાસમાં આ બે પાસ્ટર અને તેમની સાથેના ત્રીસ ખ્રિસ્તી વ્યક્તિઓ ધર્મપ્રચાર કરી રહ્યા હોવાની ધારણા બાંધી હતી.પરંતુ તેમને આ બાબતે કોઈ પુરાવા મળ્યા નહોતા.તેવું વંગંડીએ જણાવ્યું હતું.પરંતુ તેમના આક્ષેપો સાચા ઠેરવવા માટે તેઓએ પરમીશન વગર જાહેરમાં મીટીંગ કરી હતી તેવું ઠરાવ્યું હતું.આ બે પાસ્ટરો હજુ પણ તેમના પર ઓફીસ ઓફ ધ એટોર્ની જનરલ દ્વારા ચાર્જીસ મુકવામાં આવે તેની રાહ જોઈ રહ્યા છે.એક ખ્રિસ્તી વ્યક્તિના ઘરના ઉદઘાટન પ્રસંગે આ લોકો એકઠા મળ્યા હતા.પરંતુ આ કારણોસર બીજા દિવસે આ ધરપકડ કરવામાં આવી હતી.

અહીનું બંધારણ દરેક નાગરિકને ધર્મ સ્વાતંત્રતા આપે છે.પરંતુ જબરજસ્તીથી કોઈનું ધર્મપરિવર્તન કરવા માટેની છુટ કાયદામાં આપવામાં આવી નથી. તેવું દોરજી મીનીસ્ટરે પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું.બીજી બાજુ એવું કહેવાયું છે કે આ લોકોએ ભેગા મળવા માટે સ્થાનિક સત્તાવાળાની પરમીશન લીધી નહોતી.જે પીનલ કોડ મુજબ ગુનો બને છે.જો તમે કાયદાનો ભંગ કર્યો છે તો ભલે તમે બુધ્ધિષ્ઠ હો,કે હિંદુ હો કે ક્રિશ્ચિયન હો,પરંતુ કાયદો તમારા ગુના માટે કામ કરશે.

પાસ્ટર વેન્ગલના કુટુંબે પ્રાઈમ મીનીસ્ટર ટીહરસીંગ તોબગેને અપીલ કરી છે કે આ કેસને વધુ પડતો લંબાવાય નહી પરંતુ તેનો ઝડપથી નિકાલ કરવામાં આવે. અમને એ ખબર પડતી નથી કે એવા ક્યા કારણો સર આ કેસને લંબાવવામાં આવી રહ્યો છે.તેવું પાસ્ટરની પત્નીએ મોર્નીગ સ્ટાર ન્યુઝનો જણાવ્યું હતું.તેણ ત્રણ બાળકોની માતા પણ છે.મોર્નિંગ સ્ટારે જણાવ્યા મુજબ એર્ટોની ઓફીસ હજુ પણ તપાસ કરી રહી છે. મને એ ખબર નથી પડતી કે શા માટે તપાસને વધુ પડતી લંબાવવામાં આવી રહી છે.વેગંડીએ કહ્યું હતું.તેમણે તપાસ પુરી કરી છે.અને રીપોર્ટ પણ આપી દીધો છે.પાસ્ટર થાપાના સબંધીએ આ કહ્યું હતું.

ભુતાનામાં સાત લાખ લોકોની વસ્તી છે.જેમાં ૧૯ હજાર ખ્રિસ્તીઓ વસે છે.પરંતુ તેઓ કાયદાકીય રીતે સ્થાપીત કોમ નથી.તેથી બંધ ઘરોમાં

અનુ. પાન નં. ૨ ઉપર

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

ચુટણીનો માહોલ ગરમી પકડી રહ્યો છે.એકબીજાની ઉપર કીચડ ઉછાળવાની જે રીતે અજમાવવામાં આવી રહી છે તે આજદિન સુધી થયેલ ચુંટણીઓમાં જોવા મળી નહોતી.ભાજપ તરફથી તમામ પ્રકારની રીતો અજમાવવામાં આવી રહીછે.વડાપ્રધાનપદના ઉમેદવાર મોદી સાઉથમાં લુંગી પહેરીને લોકોની ચાહના મેળવવા માટે પ્રયત્નો કરી રહ્યા છે.તેમના માટે ગાંધી પરિવાર માત્ર ને માત્ર એક ચેલેન્જ છે તેને ઉખાડી ફેકવા માટે તેમના બધી જ રીતના પ્રયત્નો ચાલુ છે. સામે પક્ષે તમામ બનિસાંપ્રદાયિકતામાં માનતા પક્ષો એક બનીને મોદીની લહેર ખાળવા માટે પ્રયત્ન કરી રહ્યા છે.ચુંટણી પરિણામો બતાવી આપશે કે કોણ કેટલું સફળ રહ્યું છે.

ચુંટણીનો એક ફેસ પુરો થયો છે.બીજા તબક્કાનું મતદાન નજીકના દિવસનોમાં થશે ત્યારબાદ છેલ્લા તબક્કાઓના મતદાનમાં બધા જ પક્ષો એડીચોટીનું જોર લગાવશે.કારણકે ઈલેક્ટ્રોનીક્સ મીડીયાનો વધુ ઉપયોગ આ ચુંટણીઓમાં થઈ રહ્યો છે. અને દરેક પક્ષ એ રીતનો પ્રચાર કરી રહ્યો છે કે જાણે તેઓ બહુમતીથી ચુટાઇ ગયા હોય.હજુ પરિણામો આવ્યા પહેલા તેઓ મતદારોના મનમાં દ્વિધા ઉભી કરી બાકીના તબક્કાઓમાં પોતાના પક્ષે વધુ મતદારોને ખેચવા પ્રયત્ન કરી રહ્યા છે.

અનુ. પાન નં. ૧ નુ ચાલુ

ચર્ચો ચાલે છે.પરંતુ તેમના બંધારણમાં સેકસન૪ અને આર્ટીકલ ૭ મુજબ બધાજ નાગરિકોને ધર્મ સ્વાતંત્રતાનો હક્ક આપવામાં આવ્યો છે.કોઈપણ વ્યક્તિનું જબરજસ્તીથી ધર્મ પરિવર્તન કરાવવું તે અપરાધ છે.

ખાસ કરીને ખ્રિસ્તી સમુદાય વેસ્ટન વિશ્વાસ ધરાવતા લોકો ગણાય છે.અને તેથી જેઓએ ખ્રિસ્તી વિશ્વાસ અપનાવ્યો છે તે તમામને શંકાની નજરે જોવામાં આવે છે.જુલાઈ ૩૧,૨૦૧૨માં સબ ડીવીજનલ ઓફીસર પ્રેમા વેંગડા,ગીલીફુ ટાઉન જે સાઉથન ભુતાનમાં આવેલ ત્યાં પ્રેમા શેરપા નામના પાસ્ટરને ખુબજ માર્યો હતો અને મારી નાંખવાની ધમકી પણ આપી હતી કારણકે તેઓ ખાનગીમાં ચર્ચ સર્વીસ ચલાવતા હતા.

ભુતાન રાજ્ય ખાસ્ કરીને તેમના દેશમાં બુધ્ધિઝમને વધારે મહત્વ આપે છે. અને તેમના દેશની પોલીસીમાં પણ ખાસ મહત્વની ખુશીઓમાં તેનો સમાવેશ કરવામાં આવ્યો છે.જેથી ભુતાનની વિશ્વમાં આબરુ વધે માટે અને તેનો વિકાસ થાય માટે પણ તેઓ તેમના મહત્વ ધરાવતા ધર્મને મહત્વ આપે છે.

# સ્વાર્થ સિવાય આ જગતમાં કશું જ નથી.

માણસ કરતાં માણસનો સ્વાર્થ મોટો હોય છે.કોઈની સાથે કોઈ શા માટે જોડાય ? ઘણી વખત આપણે સાંભળીએ છીએ કે માણસ મારો છે. ખરેખર તો માણસ મારો નહી, સ્વાર્થનો હોય છે.જ્યાં સુધી તમારી સાથે એનો સ્વાર્થ હશે ત્યાં સુધી તે તમારી સાથે જોડાયેલો રહેશે.સ્વાર્થ પુરો થયો પછી હું કોણ અને તું કોણ ?ક્યારેક એવું થાય છે કે સ્વાર્થ જ માણસને જોડે છે. ક્યારે જ એવો દાખલો મળે કે,આપણી સાથે સ્વાર્થ સિવાય કોઈ જોડાયેલુ મળે છે.મારે જો કોઈ તમારો સ્વાર્થ નહોય તો હું તમોને શા માટે બોલાવું ? અથવા તમારી સાથે શા માટે સબંધ રાખુ ?કેટલાક ગણતરી કરનારા લોકો તો એવા હોય છે કે પોતાના સ્વાર્થ જેટલો જ સબંધ રાખતા હોય છે.આપણી સંસ્કૃતિમાં વહેચીને ખાવાની ભાવના રહેલી છે.ઋવેદમાં કહ્યું છે કે જે એકલો ખાય છે એ માત્ર પાપને જ ગ્રહણ કરે છે.માણસે પોતાની જાતે ઊંચે ઉઠવાનું છે. જે આપણને જ્ઞાન કે ધન આપી શકતો નથી એને આપણી વચ્ચે રહેવાનો અધિકાર નથી.ઋવેદમાં આવે છે કે ક્યારેક આપણો એકદમ નજીકનો મિત્ર પોતાના સ્વાર્થ ખાતર દુશ્મન બની જતો હોય છે.જેના સબંધો માત્ર સ્વાર્થ પુરતા જ છે એ સબંધો કાયમી હોતા નથી.વેદવ્યાસે મહાભારતના શાંતિપર્વમાં કહ્યું છે કે ક્યારે ક્યારેક સમયના ચક્રમાં મિત્ર શત્રુ બની જાય છે અને શત્રુ પણ મિત્ર બની જાય છે.કારણકે સ્વાર્થ બળવાન છે.જે છે એ સ્વાર્થ છે. સ્વાર્થ જ શક્તિશાળી બની રહે છે.ઉપર નોધ્યું એ પ્રમાણે મારે જો કોઈ સ્વાર્થ ન હોય તો હું તમને શા માટે બોલાવું ?અશ્વધોષે સૌદરનન્દમાં એજ વાત કરી છે કે સ્વજન શત્રુ બની જાય છે અને પારકા પોતાના બની જાય છે એવું દેખાય છે.કાર્યવશ જ લોકો સ્નેહ પણ કરે છે અને તોડે પણ છે.સ્વાર્થ માટે માણસ સબંધ તોડતાં એક ક્ષણનો પણ વિચાર કરતો નથી.આજના સમયમાં તો એક હાથે આપો અને બીજા હાથે લો, એવી રીતરસમ બની ગઈ છે.

સ્વાર્થ એટલે પોતાની મતલબ,પોતાનું હિત, એવો અર્થ થાય છે.એક સુભાષિતમાં કહેવાયું છે કે ઉત્તમ સેવા છે.સ્વાર્થ ત્યજીને સેવા કરવી મધ્યમ સેવા છે. સ્વાર્થ સહિત સેવા કરવી એ કનિષ્ઠ સેવા છે કે જેમાં સેવાને નામે સ્વાર્થ સધાય છે.જે માત્ર પોતાનો સ્વાર્થ જુએ છે એ તકસાધુ છે.આપણે જાણીએ છીએ કે કેટલાક માલિકે પોતાના આશ્રિતો પ્રત્યે આદરભાવ રાખે છે.પણ એમનો એ ભાવ કાયમી હોતો નથી.દરેકને પોતાનો સ્વાર્થ હોય છે.બધા જ પોતાનું જ કલ્યાણ ઈચ્છે છે.બીજાનું જે થવાનુ હોય તે થાય, પોતાનું થવું જ જોઈએ.ગુજરાતીમાં કહેવત છે કે ભુવો ધુણતો હોય તો નાળિયેર તો ઘર તરફ જ નાખતાં હોય છે.બીજી પણ એક કહેવત છે, ઢીંચણ તો પેટ તરફ જ વળે છે.સ્વાર્થ જ માણસને પકડી રાખે છે. બધા જ લોકો પોતાના સ્વાર્થનું જ કામ કરતાં હોય છે.સ્વાર્થ સિવાય આ જગતમાં કશું જ નથી.સ્વજનો પણ સ્વાર્થના સગા હોય છે.એવા પણ દાખલા મળે છે કે પુત્ર પિતાને ખતમ કરી નાંખે છે.ભાઈ-ભાઈ વચ્ચેના સબંધો તો હવે રહ્યા જ નથી. સ્વાર્થ શું નથી કરતો ?બધા જ સ્વાર્થ સાધવા ચાહે છે.આપણે જાણીએ છીએ કે કેટલાક લોકો પોતાના સ્વાર્થ ખાતર પોતાનું સ્વાભિમાન વેચતાં અચકાંતા નથી. જેની સાથે આપણો કોઈ સબંધ ન હોય, કોઈ જ પરિચય પણ ન હોય, એવા લોકો પોતાનો સ્વાર્થ હોય તો, કયાંયથીયને કયાંથી તાર જોડીને આપણી પાસે આવી જતાં હોય છે.આ સંસારમાં અનઆત્મીય લોકો પણ ધનિકોના આત્મીય બની જતા હોય છે.પરંતુ ગરીબ માણસને પોતાના કુટુંબી પણ સદાય દુર્જન જેવો વ્યવહાર રાખે છે.સ્વાર્થની ધરી ઉપર પૃથ્વી ફરે છે.સ્વાર્થનો વ્યાપ તો આકાશ કરતાં વિશાળ અને પાતાળ કરતાં પણ વધારે ઉંડો છે.આજે તો સ્વાર્થ જ સૌનો આધારસ્તંભ છે.આ આખુ જગત સ્વાર્થી છે.કોઈ કોઈનું પ્રિય નથી.સહોદર ભાઈની મિત્રતા અને પતિ-પત્નિની મિત્રતા પણ સ્વાર્થવશ છે.એનો અર્થ એ થાય છે કે સ્વાર્થ સવર્ત્ર છે. સ્વાર્થ નથી તો કશું જ નથી.

ચાણક્યનીતિ માં કહ્યું છે કે પક્ષી ફળ વિનાના વૃક્ષનો ત્યાગ કરે છે.સારસ વગેરે જળ -પક્ષી સુકાયેલા તળાવનો ત્યાગ કરે છે.પત્નીઓ નિર્ધન પતિનો ત્યાગ કરે છે.મંત્રી ભ્રષ્ટ રાજાનો ત્યાગ કરે છે.ભમરા જુના ફુલોનો ત્યાગ કરે છે.અને મૃગલા જે જંગલમાં આગ લાગી હોય તેનો ત્યાગ કરે છે.બધા જ લોકો પોતાના મતલબને ચાહે છે.અહી કોણ કોનો પ્રેમી છે ? આ એક સનાતન સત્ય છે જેની પાસેથી કશું જ મળવાની અપેક્ષા ન હોય, એની સાથે રહેવાનો કોઈ અર્થ ખરો ? બધા જ જીવો મતલબી છે.આપણે કહીએ છીએ કે જ્યાં ગોળનું દડબું હોય તો મંકોડા આવે જ. જ્યાં જેનો સ્વાર્થ સંધાતો હોય ત્યાં એ પહેલો જાય. આપણે આજના રાજ કારણીઓને ધિકકારીએ છીએ, પણ એય પોતાનો સ્વાર્થ કોની સાથે રહેવામાં છે એ સારી રીતે જાણતા હોય છે.માણસ સ્વાર્થ માટે અંધ બની જાય છે અને ન કલ્પેલા પગલાં ભરે છે.સ્વાર્થની લીટી બહુ લાંબી છે,એમાંથી ભાગ્યેજ કોઈ બાકાત હશે.સ્વાર્થ પરમાર્થથી દુર રહેતો હોય છે.જે માણસ પોતાની મુરાદ પુરી ન થઈ હોય તે બીજાઓને ધોખામાં નાખે છે.માણસ પોતાનો નાનો સ્વાર્થ ત્યારેજ છોડે છે જ્યારે એની સામે મોટો સ્વાર્થ કોઈ રાખે છે. અને એ જાણીને એએની તરફ જતો હોય છે.માણસનો સ્વભાવ છે કે કંઈક વધારે મળે તો તરતજ બીજાના તરફ સરકી જાય છે.માણસ પોતાના સ્વાર્થમાં એટલો બધો ગળાડુબ બની જતો હોય છે કે એ આજુબાજુ જોઈ શકતો નથી.માણસ સ્વાર્થમાં જ્યારે બેબાકળો બની જાય છે ત્યારે બીજાનો કશો જ વિચાર કરી શકતો નથી.સ્વાર્થના ચશ્માથી એ બીજું કશું જ જોઈ શકતો નથી.રોશએ કહ્યં છે કે સમુદ્રમાં નદીઓ ખોવાઈ જાય છે એવી રીતે સ્વાર્થમાં સારાપણું ખોવાઈ જાય છે.

હેનરી વી ડાયકને કહ્યું છે કે સ્વાર્થ જ આત્માને કેદ કરવા માટે કારગત નીવડે છે.સ્વાર્થમાં માણસ પોતાના આત્માના અવાજને ખોઈ બેસે છે.જે સ્વાર્થી છે એને માન કે અપમાનનો પ્રશ્ન ઉભો થતો નથી.સ્વાર્થ માણસને આંધળો બનાવી દે છે.ઘણા લોકો પોતાના સ્વમાનના ભોગે કસું જ કરવા માટે તૈયાર હોતા નથી.સ્વમાન હણીને સોનાની લંકા મળતી હોય તે પણ ઠુકરાવી દેતા હોય છે.

ડો.કિશોરસિંહ સોલંકી (સૌ.સંદેશ)

## વિનંતી



તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૫૦૦૦ | અર્ધુ પાન | રૂ.૨૫૦૦ |
| ૧/૪ પાન | રૂ.૧૨૫૦ | ૧/૮ પાન | રૂ. ૬૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૫૦૦૦ | માસિક પેનલ | રૂ.૧૮૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૩૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

**લગ્ન વિષયક**

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

**ગીડીયોન પોલ પરમાર**

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)

નં. ૯, કનાન સોસાયટી, મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૯૬૯

મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬

**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**

પી.જી.યોગા,ડીએચએમએસ

**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**

એકસ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એકસ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in

અનું. પાન નં. ૪ નું ચાલુ

જ ઇસુએ પોતાના જીવનમાં સ્ત્રીઓને પુરુષ સમાન દરજ્જો આપ્યો હતો.અને એજ દ્રષ્ટિથી ઇસુએ પોતાના શિષ્યો અને અનુયાયીઓમાં સ્ત્રીઓને આવકારી હતી. યહુદી લોકો સમરુનીઓ સાથે વહેવાર રાખતા નહોતા. સમરુનીઓના પ્રદેશથી જતા પણ નહોતા. પણ ઇસુ પોતાના શિષ્યો સાથે સમરુનીઓના પ્રદેશમાં થઇને જાય છે. રસ્તામાં ઇસુ એક કુવા પાસે બેસે છે અને તેમના શિષ્યો ખાવાનું ખરીદવા માટે ગામમાં જાય છે.એવામાં સમરુની એક બાઇ પાણી ભરવા એ કુવા પાસે આવી.ઇસુએ એ બાઇની પાસે પાણી માંગ્યું. એ બાઇ ઇસુની વાત માની શકતી નહોતી ! એણે કહ્યું “ તમે યહુદી થઇને એક સમરુની બાઇ પાસે પાણી માંગો છો એ કેવું ? “(યોહાન ૪ :૯ )

ટુંકમાં, ઇસુની વાતથી પ્રભાવિત થઇને એ બાઇ પાછી જઇને ગામના લોકોને ઇસુનો સંદેશો સાંભળવા બોલાવી લાવી. અને લોકોનો પ્રતિભાવ કેવો છે ? યોહાને નોધ્યું છે તેમ, “ તેઓ પેલી બાઇને કહેવા લાગ્યા, હવે અમે તારા કહેવા ઉપરથી જ શ્રધ્ધા રાખીએ છીએ એવું નથી, કારણ, અમે જાતે એમને સાંભળ્યા છે, અને અમને ખાતરી છે કે આ માણસ સાચેજ જગતના ઉધ્ધારક છે. “( યોહાન ૪ : ૪૧-૪૨ )

ઇસુએ અને વ્યવિચાર કરતાં પકડાયેલ બાઇની વાત ખુબ જાણીતી છે.એ પ્રસંગને લાગતા નિરંજન ભગતના કાવ્યથી ગુજરાતી સાહિત્યમાં પણ વ્યભિચારી બાઇને ઇસુએ આપેલી માફીની વાત ખુબ પ્રસિધ્ધિ પામી છે.વાત એમ છે કે ઇસુની પરિક્ષા કરી એમના પર આરોપ મુકવા માટે એ બાઇને ઇસુ આગળ ઊભી રાખીને ઇસુના વિરોધીઓએ કહ્યું “ગુરુજી, આ બાઇ પ્રત્યક્ષ વ્યભિચાર કરતાં પકડાઇ છે. હવે શાસ્ત્રમાં મોશેએ આપણને એવી બાઇને પથ્થર મારીને મારી નાંખવાનું ફરમાવેલું છે. તો આપ શું કહો છો. “ (યોહાન ૮ :૪-૫)ઇસુએ મોશેના કાયદા મુજબ એ બાઇને પથ્થરે મારીને મારી નાંખવા કહે તો એમના પ્રેમ અને માફીના સંદેશ પોકળ પુરવાર થાય. બીજી બાજુ એ બાઇને પ્રેમથી માફી આપવાનું કહેવામાં આવે તો ઇસુ ઉપર મોશેના પવિત્ર કાયદાનો ભંગ કરવાનો આરોપ મુકી શકાય.ઇસુ બંને બાજુથી પકડાય તેવી સ્થિતિ છે ! હાથમાં પથ્થર લઇને કાયદા મુજબ વ્યભિચારી સ્ત્રીને મારી નાંખવા તૈયાર થઇને અધીરા થયેલા લોકોને ઇસુએ કહ્યું, “તમારામાં જે નિષ્પાપ હોય તે એને પહેલો પથ્થર મારે “ઇસુના આ અણધાર્યા ચુકાદાથી એમના વિરોધીઓ શરમના માર્યા એક પછી એક ત્યાંથી જતા રહ્યા. એટલે ઇસુએ કહ્યું, “ બહેન, તે લોકો ક્યાં છે ? કોઇએ તને સજા ન કરી ? “ “બાઇએ કહ્યું કોઇએ નહી પ્રભુ ‘ ત્યારે ઇસુએ કહ્યું “ હું પણ તને સજા કરતો નથી. જો હવેથી પાપ કરીશ નહી “(યોહાન ૮ : ૧૦-૧૧)

એક વાર જકાતદાર માથ્થી અને અન્ય પાપીઓ સાથે જમવા બદલ પોતાની ટીકા કરનાર ફરોશીઓને ઇસુએ સંભળાવ્યું કે ,” હું તો પુણ્યશાળીઓને નહિ, પણ પાપીઓને બોલાવવા માટે આવ્યો છું. (માર્થ્થી ૯:૧૩) “ યુહુદી સમાજ અને ધર્મ ધિક્કારતી સ્ત્રીઓ અંગે ઇસુનો હજુ એક તાદ્દશ પ્રસંગ અહી રજુ કરુ છું. એક ફરોશી આગેવાન સિમોન ઇસુને પોતાને ઘેર જમવા નોતર્યા. ઇસુ જમવા બેઠા હતા ત્યારે શહેરની એક પતિત સ્ત્રી સંગેમરમરની કુપીમાં અત્તર લઇને આંસુ સારતી ઇસુને ચરણે પડી ગઇ. તેણે ચરણ ચુમી ચુમીને અત્તર લગાડ્યું. આ દશ્ય જોઇને સિમોન બબડવા લાગ્યો કે, “ જો આ માણસ ખરેખર પયગંબર હશે તો એને ખબર પડી જવી જોઇએ કે એ બાઇ તો પતિતા છે. “ફરોશી સિમોનના મનની વાત કળી જઇને ઇસુએ એક શાહુકાર અને બે લેણદારનું દ્દષ્ટાંત કહીને સિમોન નો પ્રતિભાવ માંગ્યો. સિમોને કહ્યું કે પોતાની ધારણા મુજબ જે માણસનું વધારે દેવું માફ કરવામાં આવ્યું છે તે લેણદાર શાહુકાર પર વધારે પ્રેમ કરશે.ઇસુએ સિમોનને કહ્યું. “ તારી ધારણા સાચી છે.“ પછી ફરોશી સિમોન અને પતિતાના વર્તનની સરખામણી કરીને ઇસુએ પેલી બાઇ તરફ ફરીને સિમોનને કહ્યું. “ હું તને કહુ છું કે એનો આ ભર્યો પ્રેમ પુરવાર કરે છે કે એના ઘણા પાપોની માફી મળી છે.જેનું ઓછું માફ થયું હોય તે ઓછો પ્રેમ બતાવે છે.“છેલ્લે તે બાઇના પાપ માફ કરીને ઇસુએ તેને કહ્યું “ તારી શ્રધ્ધાએ તને ઉગારી છે, સુખે જા “(લુક ૭: ૩૬-૫૦)

ગાલીલથી ઇસુએ પોતાના જાહેર જીવનની શરુઆત કરી હતી. ત્યાંથી એમના શિષ્યો સાથે સ્ત્રીઓ પણ એમને અનુસરતી હતી. શુભસંદેશકારોએ નોધ્યું છે કે કેટલીક સ્ત્રીઓ પોતાના ગાંઠનું ખર્ચીને ઇસુ અને તેમના શિષ્યોની ઠેર ઠેર ગામે ગામ સારસંભાળ રાખતી હતી. પાસ્ખા પર્વ કે ઇસ્ટરના સંદર્ભમાં આપણે સ્ત્રીઓ સાથેનું ઇસુનું વર્તન તપાસઇએ ત્યારે આપણે ઇસુના કેટલાક વિશિષ્ટ ગુણો તારવી શકીએ. ઇસુ સ્ત્રી સાથે આદરમાનથી વર્ત્યા છે.વ્યભિચાર કરતાં પકડાયેલ સ્ત્રી હોય,શહેરમાં પતિતા તરીકે કુખ્યાત સ્ત્રી હોય કે ગાંઠનું ખર્ચીને પોતાની સેવાચાકરી કરતી સ્ત્રીઓ હોય, ઇસુ હંમેશા દરેક સ્ત્રીઓ સાથે ખુબજ આદરમાનથી વર્ત્યા છે. એ જ રીતે પોતાની માંથી માડી બધી સ્ત્રીઓને ઇસુએ સમાનતાની દ્દષ્ટિથી જોઇ છે.પોતાના શિષ્યોની જેમજ ઇસુએ પોતાને અનુસરતી સ્ત્રીઓને પણ ગણી છે.એમાં કોઇ દયાની ભાવના નથી. વિશેષ દાક્ષિણ્ય નથી.પણ સમાનતાની ભાવના છે.

વળી ઇસુએ બધી સ્ત્રીઓની શક્તિની કદર કરી છે. કાના ગામે લગ્નમાં ગયેલી ઇસુની માને લગ્નસમારંભમાં દ્રાક્ષારસ ખુટી ગયાની ખબર પડી. માએ પોતાના યજમાન પ્રત્યેની હમદર્દીથી ઇસુને એની ખબર આપી.ઇસુએ માને કહ્યું,”બાઇ તારે ને મારે શું?હજી મારો સમય પાક્યો નથી.“પોતાની માની સ્ત્રી સહજ હમદર્દીની કદરરુપે ઇસુએ પ્રથમ વાર જ ચમત્કાર કરીને લગ્ન સમારંભના વ્યવસ્થાપકોને સારો દ્રાક્ષાસવ પુરો પાડ્યો.(યોહાન ૨ :૧-૧૧)

આમ જોઇએ તો ઇસુએ ક્યાંય સ્ત્રીને પતિ કે પિતા કે સંતાનની આશ્રિત વ્યક્તિ તરીકે બતાવી નથી.સ્ત્રીઓ પરાશ્રયી હોય એ રીતે એમની સાથે વર્ત્યા નથી.ઉલટું, ઇસુએ પોતાના સંપર્કમાં આવેલ બધી સ્ત્રીઓને પુરતી સ્વતંત્રતા બક્ષી છે.અને સ્વતંત્ર વ્યક્તિ તરીકે એમની સાથે વર્ત્યા છે.એમાં ઇસુએ પોતાના પુનરુત્થાન પછી સૌ પ્રથમ સ્ત્રીઓને દર્શન આપીને સ્ત્રીઓને જ પોતાના નવજીવનના સંદેશવાહકો બનાવીને જાણે તેમણે સ્ત્રી સ્વતંત્રતાની ધોષણા કરી છે.

ઇસુ પાસેથી પ્રેરણા લઇને આપણે સ્ત્રીઓ પ્રત્યે ઇસુના જેવું વર્તન રાખીએ,વલણ રાખીએ તો આપણા કુટુંબ અને સમાજમાં આમુલ પરિવર્તન આવશે. સમુલક ક્રાંન્તિ સર્જાશે.આ ઇસ્ટર આપણને ઇસુ સાથે આ સ્ત્રી સ્વતંત્રતાની ક્રાંન્તિ સર્જવા આમંત્રણ આપે છે. સ્ત્રીઓએ પોતાનુ ગુલામીપણું છોડવું પડશે.સમાનતા અને સ્વતંત્રતાનું બંડ પોકારવુ પડશે. સૌને આનંદી ઇસ્ટર !

# ઈસ્ટર પર્વ

# સ્વર્ગની વસ્તુઓ પાછળ પડો

તમને ખ્રિસ્ત સાથે સજીવન કરવામાં આવ્યા છે, એટલે જ્યાં ખ્રિસ્ત ઈશ્વરને જમણે હાથે બિરાજમાન છે તે સ્વર્ગની વસ્તુઓની પાછળ પડો, અને સ્વર્ગની વસ્તુઓમાં જ તમારું ચિત્ત પરોવો, નહિ કે પૃથ્વીની; કારણ, તમે મરી ચૂક્યા છો અને તમારું જીવન પરમેશ્વરના સાન્નિધ્યમાં ખ્રિસ્તની સાથે ગુપ્ત રહેલું છે. જ્યારે તમારા જીવનરૂપ ખ્રિસ્ત પ્રગટ થશે ત્યારે તમે પણ તેમની સાથે મહિમાપૂર્વક પ્રગટ થશો. (કોલોસ્સા ૩:૧-૪)

★ ★ ★

તમને ખબર નથી કે થોડું ખમીર બધી કણકને આથો ચડાવે છે ? જૂનું ખમીર સાફ કરી નાખો જેથી તમે નવી કણક બની શકો.ખરું જોતાં તો, તમે બેખમીર જ છો. આપણા પાસ્ખાના બલિરૂપે ખ્રિસ્ત વધેરાયા છે; તો ચાલો, આપણે જૂના ખમીરથી અર્થાત્ પાપ અને દુરાચારના ખમીરથી નહિ, પણ નિર્મળતા અને સત્યની બેખમીર રોટીથી ઉત્સવ ઉજવીએ. (૧ કોરિંથ ૫:૬-૮)

★ ★ ★

ભગવાન ઈસુએ પાપ અને દુરાચારને પરાજય આપી તેના પર વિજય મેળવ્યો છે ને એ અર્થમાં નવું જીવન(પુનરૂત્થાન) પ્રાપ્ત કર્યું છે. ઈસુએ તેમના વિજયના આપણને પણ ભાગીદાર બનાવ્યા છે.

ઈસુના પુનરૂત્થાન દ્વારા આપણે પણ નવું જીવન પ્રાપ્ત કર્યું છે ને સંત પાઉલ કહે છે તેમ હવે આપણે સ્વર્ગની વસ્તુઓની પાછળ પડવાનું છે ને સ્વર્ગની વસ્તુઓમાં જ ચિત્ત પરોવાનું છે.

આપણા રોજબરોજના જીવનમાં -આપણા વિચાર, વાણી અને વર્તનમાં - એનાં અન્યોને દર્શન થવાં જોઈએ છે. પવિત્ર ગુરુવારે ઈસુએ તેના અનુયાયીઓને - એટલે કે આપણને - જે સાચી ઓળખ આપી તે સતત યાદ રાખીએ :

**“ તમે મારા શિષ્યો છો એમ જગત તો જ જાણશે જો તમે પરસ્પર પ્રેમ કરતા હશો.”**

અને

**“જ્યાં પ્રેમ ને રહેમ ત્યાં (જ) આપણા પ્રભુજીનો વાસ રે (બીજે ક્યાંય નહિ)”.**

એટલે, હવે પછી ઈશ્વરને શોધવા ગમે ત્યાં દોડાદોડ ના કરીએ; અને ખોટાં એડ્રસથી સાવધાન રહીએ ને છેતરાઈ ના જઈએ.

**જૂનું ખમીર એટલે શું ?**

એટલે, સ્વાર્થી, સ્વકેન્દ્રી, અપ્રામાણિક, જૂના પુરાણા રિવાજોને જડ રીતે વળગી રહેવું, મનમાં ને વ્યવહારમાં અન્ય માનવબંધુ-ભગિનીઓ સાથે નાત-જાત, ધર્મ-સંપ્રદાય અને લિંગભેદ રાખવો, મહિલાઓનું ગૌરવ ના કરવું ને એનો ભંગ થતો હોય ત્યારે ચૂપ રહેવું, બીજાઓની ધાર્મિક માન્યતાઓની ઉપેક્ષા કરવી, ભૌતિક સંપદા ભેગી કરવા દિવસ રાત દોડધામ કર્યા કરવી ને એમાં જ સુખ છે, એ જ જીવનનું ધ્યેય છે એવી માન્યતા કેળવવી . . .

**નવી કણક એટલે શું ?**

ઈસુ રોજ રોજ લોકોનું ભલું કરતા ફર્યા. **(He went about doing good).** એટલે, ઈસુની જેમ પરલક્ષી, પરમાર્થી જીવન જેમાં ગરીબો-પીડિતો-વંચિતોને સ્થાન હોય તેવું જીવન જીવવું.

(પ્રેષકઃફાધર વિલિયમ)

કાગારુ માણસની ગંધ ૪ કી.મી. દુરથી પારખી શકવાની ક્ષમતા ધરાવે છે.

શાર્કનું આયુષ્ય ૧૦૦ વર્ષ કરતાં વધુ હોય છે.

માછલીની આંખો પર પાંપણ હોતી નથી.

કાકાકૌઆ તેની કલગીનો ઉપયોગ એકબીજાને ઈશારો કરવા માટે કરે છે.

**જાહેર ખબર તથા લવાજમના એજન્ટ**

શ્રી આર.એન.રાજગુરુ
નગર ગેઇટ,જામ-ખંભાળીયા
જી.જામનગર
ફોન નં.૯૯૦૯૮૪૭૭૮૭,
૯૯૦૯૩૪૭૭૮૭

શ્રી ભુપેન પરમાર,
આંબેડકરનગર,ઈશ્વરકૃપાનિવાસ સામે,નાના મહુવા,
કાલાવડ રોડ,રાજકોટ-૫
ફોનઃ ૯૯૨૫૦૬૭૮૫૩

શ્રી પિયુષભાઈ એ. પટેલ,
૧૦૬,સજની એપાર્ટ,દલાલસ્ટ્રીટ,
ફતેહગંજ,વડોદરા-૩૯૦ ૦૦૨
મો.૯૯૯૮૯૯૮૮૪૨

★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

‘નીલીવા કુંજ’ પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૨૫૩૮૩૩૨૨

AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332



# ઇસ્ટર એટલે સ્ત્રી સ્વાતંત્રતાનું પર્વ

ફાધર વર્ગીસ પોલ. એસ.જે




ઈસ્ટર કે પાસ્ખાને સ્ત્રીઓને સ્વતંત્રતા બક્ષનાર વિશેષ પર્વ તરીકે જોવું મને ગમે છે. ઈસ્ટર વિશે થોડુંઘણું જાણનાર મને પુછી શકે છે કે, ઈસ્ટર એટલે ઈસુ મૃત્યુ લોકમાં ત્રણ દિવસ પોઢી ગયા પછી પુનરુત્થાન પામ્યાનો દિવસ છે. તો ઈસુના પુનર્જીવન અને સ્ત્રીઓની સ્વતંત્રતા વચ્ચે શું લેવાદેવા છે ? ઈસ્ટરને સ્ત્રી સ્વતંત્રતાનું પર્વ ગણવા માટે મારે મન ઘણા કારણો છે. મારી દૃષ્ટિએ સ્ત્રી સ્વતંત્રતાનો આરંભ ઈસુના જીવનથી શરુ થાય છે અને તેથી હું ઈસ્ટરને સ્ત્રી સ્વતંત્રતાનું એક સીમાચિહ્ન ગણું છું.

કેમ ? પ્રશ્નનો જવાબ આપતાં પહેલાં તાજેતરમાં મેં સાંભળેલી વાત કરું. હું જાણીતા કવિ અને લેખક નિરંજન ભગતને મળવા ગયો હતો.તેમણે મને તેમને ત્યાં એક ધર્મગુરુની મુલાકાતની વાત કરી. એ ધર્મગુરુ કેટલાંક પુસ્તકો સાથે ભગતસાહેબ પાસે કંઈક લખાવડાવવાના હેતુથી એમને મળવા ગયા હતા.બંને વાતો કરતા હતા ત્યારે એમના ઘરમાં રસોડામાં કોઈ સ્ત્રી દેખાઈ.ધર્મગુરુએ ભગતસાહેબને પુછ્યું કે એ સ્ત્રી કોણ છે અને વધુમાં કહ્યું કે એ સ્ત્રીને ફરી તે ઓરડીમાં (રસોડામો) આવવા ના કહે. ભગત સાહેબે એ ધર્મગરુને કહ્યું કે એ સ્ત્રી પોતાની મા છે.પછી તરત ભગતસાહેબે ઉમેર્યું " ગુરુજી, આ ઘર આપનું નહી અને મારુ પણ નથી. આ ઘર મારી માનું છે. હવે પછી આપ કદી આ ઘરમાં પગ મુકશો નહી.આપણે મળીશું તો ખરા, પણ બહાર રસ્તામાં."પછી ભગતસાહેબે મને કહ્યું "ફાધર વર્ગીસ, તમે બેઠા છો એ જ બેઠક પર પેલા ધર્મગુરુ બેઠા હતા, તમે રસોડું જોઈ શકો છો. "માનવધર્મમાં માનતા ભગતસાહેબે પછી બધા મંદિરો અને ધર્મગુરુઓ વિશે કરેલી વાત નોધીને વિષયાંતર કરવા ઈચ્છતો નથી. સ્ત્રીઓ પ્રત્યે આપણી મનોભાવનાનો ખ્યાલ આપવા માટે આટલી વાત પુરતી છે.

ભગત સાહેબે કરેલી વાત વર્ષો પહેલા એમના પુજ્ય બા હયાત હતા ત્યારની છે.પણ તાજેતરમાં મારા અનુભવની એક વાત અહીં પ્રસ્તુત છે.છાપા-સામાયિકોમાં આવતા મારા લેખો વાંચનાર અને ફાધર વાલેસના એક ઉપાસક બહેન પાસે એમણે વસાવેલા ફાધર વાલેસના અને મારા કેટલાક પુસ્તકો છે.એમાં ભગવાન ઈસુ અને બાઈબલ વિશેના પુસ્તકો



એ બહેન પોતાના ઘરમાં સંતાડી રાખે છે ! કારણ, એ બહેને મને કહ્યા મુજબ એમના અમુક સગાસબંધીઓ અને મુલાકાતીઓ એમના વિશે શું વિચારશે, એની એ બહેનને ચિંતા છે. આ પ્રકારના બીજા કિસ્સાઓ પણ હું જાણું છું. એટલે હું કહું છું કે આપણી બહેન શાણી છે, ડાહી છે. એટલે પતિ અને સાસુમાના કહેવાથી સ્ત્રી ભ્રુણ હત્યા કરાવતી કહ્યાગરી વહુની જેમ આ બહેનો પોતે પોતાની સ્વતંત્રતા પર કાપ મુકે છે ! પણ ખરી સ્વતંત્રતાનો તેમને ખ્યાલ હોત તો હું માનું છું કે તે બહેને પોતાનું મનગમતું સાહિત્ય વાંચવાની સ્વતંત્રતા તથા અધિકાર જમાવ્યો હોત.

આપણે પાછા ઈસ્ટરની વાત પર આવીએ.ઈસુ અને સ્ત્રીઓની વાત પર પરત આવીએ. બાઈબલનો નવો કરાર વાંચનારાઓને ખબર છે કે પુનરુત્થાન પામેલા ઈસુએ સૌ પ્રથમ સ્ત્રીઓનેજ દર્શન દીધા છે.એટલું જ નહી, પણ ઈસુએ સ્ત્રીઓને જ પોતાના નવજીવનની સંદેશવાહિકા પણ બનાવી છે.

ઈસુના પુનરુત્થાનની આ વાત શુભસંદેશકાર માર્થી,માર્ક,લુકે લખી છે. ઈસુના ક્રુસ પરના મૃત્યુ પછી એમના એક શિષ્ય અરિમથાઈના યોસેફે ઈસુના શબને ઉતારી શણના કપડામાં વીંટી ખડકમાં કોરી કાઢેલી વણવાપરી કબરમાં મુક્યું. સંત લુકે વધુમાં નોધ્યું છે કે " જે સ્ત્રીઓ ગાલીલથી ઈસુની સાથે આવી હતી તેઓ યોસેફની પાછળ પાછળ ગઈ, તેમણે કબર અને શબની ગોઠવણ ધ્યાનથી જોઈ.પછી તેઓએ ઘેર જઈને સુંગંધી દ્રવ્યો અને અત્તર તૈયાર કર્યો.પછી વિશ્રામવારને દિવસો શાસ્ત્રની આજ્ઞાનુસાર વિશ્રામ લીધા પછી ત્રીજા દિવસે પો ફાટતાં જ તેઓ સુગંધી દ્રવ્યો સાથે કબર આગળ પહોચીં.પણ ત્યાં ઈસુનુ શબ હતું નહી." "અચાનક ઝળહળતાં વસ્ત્રોવાળા બે માણસો તે સ્ત્રીઓની આગળ પ્રગટ થયા. તેમણે એ સ્ત્રીઓને કહ્યું, તમે જીવતાને મરેલામાં કેમ શોધો છો ? તેઓ અહીં નથી.તેઓ તો સજીવન થયા છે.પોતે ગાલીલમાં હતા ત્યારે તમને જે કહ્યું હતું તે યાદ કરો કે , માનવપુત્રને પાપીઓના હાથમાં સોપી દેવાવો જોઈએ, ક્રુસે ચડાવવો જોઈએ અને ત્રીજે દિવસે તેણે પાછા સજીવન થવું જોઈએ." સ્ત્રીઓને ઈસુના શબ્દો યાદ આવ્યા અને તાબડતોબ કબરેથી પાછા આવીને અગિયાર પ્રેષિતોને અને બીજા સૌને આ બધા સમાચાર આપ્યા ( જુઓ લુક ૨૩, ૫૦ ૨૪ ,૯ )


સંત માર્કે કરેલા ઈસુના પુનરુત્થાનની વાતમાં સૌ પ્રથમ ઈસુએ મગદ્લાની મરિયમને દર્શન દીધાની વાત છે.'' રવિવારને દિવસે વહેલી સવારે સજીવન થઈને ઈસુએ સૌ પ્રથમ મગદલાની મરિયમને દર્શન દીધા.એ મરિયમમાંથી એમણે પહેલા સાત અપદુતોને કાઢ્યા હતા.તેણે જઈને આ સમાચાર ઈસુના શોકમગ્ન અને વિલાપ કરતાં અંતેવાસીઓને આપ્યા. ઈસુ જીવે છે અને મે એમને જોયા છે. "(માર્ક ૧૬,૯-૧૧)

સંતમાર્થીએ કરેલી ઈસુના પુનરુત્થાનની વાતમાં ઈસુની કબર આગળ દેવદુતે સ્ત્રીઓને ઈસુના પુનરુત્થાનના સમાચાર ઈસુના શિષ્યોને આપવાની મોટી જવાબદારી સોપીને તેમનો પુનરુત્થાનના સંદેશવાહક બનાવી ! એટલું જ નહી, પણ રસ્તામાં ખુદ ઈસુએ દર્શન આપીને તેમને પોતાના સંદેશવાહક બનાવ્યા અને કહ્યું, "બીશો નહિ, જાઓ, જઈને મારા ભાઈઓને કહો કે તેઓ ગાલીલ ચાલ્યા જાય. ત્યાં તેમને મારા દર્શન થશે."(માત્થી ૨૮:૧૦)

મગદલાની મરિયમે અને બીજી સ્ત્રીઓએ કબરેથી પાછા આવીને પ્રેષિતો અને બીજા સૌને ઈસુના પુનરુત્થાન અને પોતાને મળેલા દર્શનની વાત કરી. પ્રેષિતો અને ઈસુના અન્ય શિષ્યોનો પ્રતિભાવ આપણને તે વખતે સ્ત્રીઓની પરિસ્થિતિનો, સમાજ તથા ધર્મમાં એમની દશાનો ખ્યાલ આપે છે. શુભસંદેશકાર લુકે સ્પષ્ટ નોધ્યું છે તેમ પ્રેષિતો અને અન્ય શિષ્યોને સ્ત્રીઓની વાત "અક્કલ વગરની લાગી અને તેમણે માની નહિ "(લુક ૨૪:૧૧)

ઈસુના સમયમાં સ્ત્રીઓની સ્થિતિ ગુલામો અને બાળકો જેવી હતી.કાયદામાં સ્ત્રીઓની વાત કે એમની સાક્ષીનું કોઈ મુલ્ય નહોતું !સ્ત્રી કોઈ ધર્મગુરુની શિષ્યા બની શકતી નહોતી. આવી પરિસ્થિતિમાં

અનું પાન નં. ૩ ઉપર




## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

## અમી સર્જીકલ

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧

,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨

## ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

**ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ**

**સંપર્કઃ જહોન એમ.મેકવાન**

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.